Public Spirit and Practice

जाहेर हिम्मत.

(વિચાર અને વર્તન રૂપે)

(મીસીઝ એની બીસેન્ટના ભાષણનો અનુવાદ)

ઉપોદ્ઘાત.

બન્ધુઓ !

જાહેર હિમ્મતના સદ્ગુણ વિષે ભાષણ કરવાનું મે આજે માથે લીધું છે, તેનું કારણ એ છે કે મેં હિન્દુસ્થાનમાં જે વર્ષો ગાળ્યાં, તે દરમ્યાન મેં લોકોને સતત એજ ઉપદેશ આપ્યો છે કે જો હિંદવાસીઓ વ્યક્તિના ચારિત્રના બંધારણના સવાલ ઉપર લક્ષ નહિ આપે તો કરવા ધારેલા સર્વ પ્રકારના સુધારા નિષ્ફળ જશે. રાષ્ટ્ર બાંધવા કામને સહાય કરનારી દરેક હિલચાલ ફતેહમંદ નીવડે, તે વાસ્તે ઉચ્ચ પ્રકારનું ચારિત્ર અતિ જરૂરનું છે.

કોઇ પણ હીલચાલનો ગમે તેવો સારો ઉદ્દેશ હોય, અને તેમાથી ઉચ્ચમાં ઉચ્ચ પરિણામ આવવાનું હોય, તોપણ તે હીલચાલને અમલમાં મૂકનારા પુરૂષો જો ઉચ્ચ વર્તનવાળા-પ્રમાણિક, જાહેર હિમ્મતવાળા અને ચોખ્ખા દિલના-ન હોય તો તે હીલચાલ ફતેહમંદ નીવડશે નહિ. કાચી અને જર્જરિત થયેલી ઇંટોથી સારૂં મકાન બાંધી શકાતું નથી, તેમ ખરાબ અથવા જેવા તેવા ચારિત્રવાળા પુરૂષોની એક ઉત્કૃષ્ટ પ્રજા બની શકે નહિ. જેમ ઈંટોથી મકાન જુદું નથી, તેમ વ્યક્તિઓથી પ્રજા જુદી નથી. કારણ કે વ્યક્તિઓનો સમુદાય તેજ પ્રજા છે અને તેથી જેવું વ્યક્તિઓનું ચારિત્ર હોય છે, તેવું જ ચારિત્ર પ્રજાનું બને છે. તેટલા માટે દરેક પ્રજાએ પોતાના બાળકોને અપાતી કેળવણીમાં ધાર્મિક અને નૈતિક શિક્ષણદ્વારા ચારિત્ર બંધારણનો સમાવેશ કરવો, એ બહુજ અગત્યનું છે, અને જે કેળવણી ધર્મ અને નીતિના શિક્ષણનો સમાવેશ કરતી નથી, તે કોઇપણ રીતે ખરી કેળવણીના નામને પાત્ર નથી. આજ કારણથી જે શિક્ષણપદ્ધતિમાં ધર્મ અને નીતિશિક્ષણ ઉપર ખાસ ધ્યાન અપાય, તેવી પદ્ધતિ દાખલ કરવાને હિંદવાસીઓને ઘણા સમયથી હું આગ્રહ કરતી આવી છું, કારણ કે જો હિંદુસ્થાનમાં તમારે મહાન્ પ્રજા બાંધવી હોય, અને જે હિંદની એકયતાની હાલ આપણે કલ્પના કરીએ છીએ, તે કલ્પનાને આ પૃથ્વીપર સિદ્ધ કરવી હોય તો તે કાર્ય યોગ્ય કેળવણી પામી તૈયાર થયેલા, ઉચ્ચ વર્તનવાળા વિશ્વાસ પાત્ર અને ભરોંસો રાખવા લાયક માણસોજ કરી શકે. પ્રાચીન હિન્દુ ધર્મગ્રન્થમાં યથાર્થ કહેવામાં આવેલું છે કે સદ્વર્તન પ્રજાને ઉન્નત (ઉત્કૃષ્ટ) બનાવે છે. અને જે પ્રજાના મનુષ્યો સદ્વર્તનવાળા હોતા નથી, તે પ્રજા ચિરકાળ ટકી શકતી નથી.

જાહેર હિમ્મતના સદ્ગુણની જરૂર.

પ્રતિષ્ઠિત દેશજન (citizen) ના સદ્ગુણોમાં એક ગુણ જાહેર હિમ્મતનો છે. જાહેર હિમ્મતવાળા પુરૂષો જ્યાં હોતા નથી, ત્યાં પ્રજાની એકતા સંભવતી નથી. જાહેર હિમ્મતરૂપી સદ્ગુણના પાયાપર રાષ્ટ્રિય ઇમારતનું ચણતર થવું જોઇએ. અને તેજ કારણથી વૃદ્ધ અને

જુવાન સ્ત્રીપુરૂષોએ જાહેર હિમ્મતરૂપી સદ્‌ગુણ રહ્યા છે, તે સમજવું જોઇએ. જાહેર હિમ્મતનો ગુણ બાળકોમાં ખીલે, જો તે હયાત હોય તો તેને પોષણ મળે, અને જો તેનો અભાવ હોય તો તેનાં બીજ રોપાય, એવા પ્રકારની કેળવણી આ દેશના બાળકોને મળવી જોઇએ. જો તમારા બાળકોને નિશાળોમા, અને તમારા યુવકવર્ગને કોલેજોમાં આ સદ્‌ગુણ તેમના બાળજીવન વ્યવહારમા સ્કુલ અને કોલેજરૂપી નાની દુનિયાઓમાં–અમલમાં મુકતા શિખવશો નહિ, તો મોટી ઉમ્મર તેમના આ સૃષ્ટિના વ્યવહારમા જાહેર હિમ્મતના સદ્‌ગુણની ખામીને લીધે તેઓ હિન્દને મદદ કરી શકશે નહિ

જાહેરહિમ્મતની વ્યાખ્યા.

જાહેરહિમ્મત શું સૂચવે છે, તેનો આપણે વિચાર કરીએ સ્વદેશાભિમાન–સ્વદેશ પ્રીતિની ઉત્તમ ભાવના ક્રિયારૂપે પ્રગટ થાય ત્યારે તેને જાહેરહિમ્મત કહે છે. જે દેશમા આપણો જન્મ થયો, જે દેશમાં આપણે બાલક્રીડા કરી, જે દેશમા આપણને કેળવણી મળી, તે દેશ તરફ પ્રીતિ રાખવી તે મનુષ્યના હૃદયની એક સ્વાભાવિક વૃત્તિ છે અને તે વૃત્તિ દરેક વ્યક્તિને વારસારૂપે જન્મથીજ પ્રાપ્ત થાય છે દેશના કમભાગ્ય જો તે વૃત્તિનો નાશ કરવામાં ન આવ્યો હોય તો દરેક સુધરેલી પ્રજામા તે સ્વદેશપ્રીતિની વૃત્તિ જોવામા આવે છે જેનામાં ઉચ્ચભાવનાનાં બીજ હોય છે, તેવા દરેક પુરૂષમા આ સ્વદેશપ્રીતિ દૃષ્ટિગોચર થાય છે. અને તેજ પ્રીતિ વૃદ્ધિ પામતા પામતા એટલી હદે પ્હોચે છે કે સમગ્ર મનુષ્ય જાતિ તરફ તે પ્રેમની વૃત્તિથી જોતા શિખે છે, તેવો માણસ **થોમસ પેન** જેવા ઉદાર દિલના પુરૂષની માફક કહી શકે **વસુધૈવ કુટુમ્બકમ** ‘ સકળ સૃષ્ટિ મારો દેશ છે ’

તે સ્વદેશાભિમાનની લાગણીમાથી, તે સ્વદેશપ્રીતિમાથી જાહેરહિમ્મતનો સદ્‌ગુણ ખીલે છે સ્વદેશાભિમાન વૃત્તિ જ્યારે કાર્યરૂપે પરિણમે છે, ત્યારે જાહેરહિમ્મતના ગુણરૂપ જણાય છે.

સદ્‌ગુણ અને લાગણીનો ભેદ.

સદ્‌ગુણ અને લાગણી વચ્ચે જે સ્થાયી સબંધ છે, તે તમારે સ્મરણમા રાખવો જોઇએ કારણ કે તેથી કરીને જેવી રીતે બીજમાથી પુષ્પ ખીલે છે, તેવી રીતે લાગણીમાથી સદ્‌ગુણ ખીલવતાં તમ શિખી શકશો અમુક સજોગો અને સબંધોથી જાગૃત થઇ લાગણીઓ વૃદ્ધિ પામે છે જેટલી સારી લાગણીઓ છે, તે સઘળી પ્રેમની લાગણીના જુદા જુદા રૂપો છે મનુષ્યનો સ્વભાવજ એવા પ્રકારનો છે, કે તે એકાતમા સુખમા રહી શકે નહિ પોતાના જાતિ ભાઇઓની તેને જરૂર જણાય છે તે બીજા મનુષ્યોની સાથે સબધમા આવવા માગે છે અને કુદરત શાસ્ત્રીઓ ([illegible]) એ પણ મનુષ્યને સમાજપ્રિય ([illegible]) પ્રાણી ગણેલુ છે પતિપત્નીનુ યુગલજ સાથે રહે છે, એમ નથી, છોકરા પણ ભેગા રહે છે અને માનવ–બાળકની નિરાધાર સ્થિતિને લીધે કુટુબનો સબધ લબાવવાની જરૂર પડે છે અને તેજ કારણથી લાયિક પ્રેમ પતિપત્નીના શાશ્વત પ્રેમરૂપે પરિણમે છે અને સતતિની ઇચ્છા વાત્સલ્યરૂપે પ્રકટ થાય છે અને કુટુબ–પ્રેમ બહુજ સ્થાયી થાય છે અને માતા પિતા પ્રત્યેનો, તેમજ ભાઇ બ્હેન તરફનો પ્રેમ જીવન પર્યન્ત ટકે તેવો સ્થિર થાય છે જ્યારે આ લાગણીઓ કુટુબપ્રેમ કરતા પણ વધારે વિસ્તારવાળુ સ્વરૂપ ધારણ કરે છે, અને અમુક માણસોને બદલે સામાન્ય થાય છે, અને અમુક સજોગોને લીધે ઉત્પન્ન થતી હતી તેને

બદલે સ્વાભાવિક બને છે, ત્યારે તે લાગણીએ સદ્ગુણના રૂપમાં ફેરવાઇ જાય છે. પ્રેમની લાગણી જ્યારે સામાન્ય અને સ્થાયી થાય છે ત્યારે તે સદ્ગુણ કહેવાય છે. મનુભગવાન્ લખે છે કે "સઘળા વડિલોને તમારા માતપિતા સમાન ગણો અને સઘળા બાળવર્ગને તમારા ભાઇ બ્હેન સમાન ગણો" એ પ્રમાણે કુટુંબ–પ્રેમની લાગણી એક દેશજનને યોગ્ય સદ્ગુણરૂપે ફેરવાઇ જાય છે. તેટલાવાસ્તેજ હું સ્વદેશાભિમાનની લાગણી અને જાહેરહિમ્મતના સદ્ગુણ વચ્ચે ભેદ પાડું છું. કારણ કે સ્વદેશાભિમાનની લાગણી સુધરેલા દેશના દરેક મનુષ્યના હૃદયમા સ્વાભાવિક લાગણી છે અને જાહેર હિમ્મત તે લાગણીમાથી પેદા થતો એક સદ્ગુણ છે સ્વદેશમાટેનો માણસનો કુદરતી પ્રેમ જ્યારે સ્થાયી થાય છે, અને સ્વદેશભક્તિનાં કામ કરવાને માણસને પ્રેરે છે, ત્યારે તે જાહેરહિમ્મત ગણાય છે જાહેરહિમ્મત તે કાર્યરૂપે સ્થાયી સ્વદેશાભિમાન છે, સ્વદેશ ભૂમિ તરફ વ્યવહારિક ભક્તિ છે, અને માતૃભુમિના પ્રેમને લીધે ઉપજતી સેવા છે હિંદુસ્થાનના રહેવાસીઓના હૃદયમાં આવો સ્વદેશપ્રેમ જાગૃત થયા વિના, હિંદુસ્થાન કદાપિ એકપ્રજા થઇ શકશે નહિ તમારા શરીરને જન્મ આપનાર તમારી જનેતાને જેવા પ્રેમથી તમે ચહાઓ છો, તેવા ખરા પ્રેમથી તમારે હિંદુસ્થાનપર પ્રીતિ રાખવી જોઇએ, અને તેને સારૂ વ્યવહારિક કાર્ય કરી બતાવવુ જોઇએ શુ તમારી માતૃભૂમિએ તમારા શરીર પગ પાડયા નથી ? શુ તમે તેની કૂખમાથી ઉત્પન્ન થયા નથી ! '**વંદેમાતરમ્**' 'તમારી માતાની ભક્તિ કરો' આ ખરેખર દરેક સ્વદેશાભિમાની હૃદયમાથી નીકળતા સ્વાભાવિક અને સત્ય ઉદ્ગાર છે, તે જોસભેર વ્હેતી લાગણીના એકાએક ઉછાળાથી ઉત્પન્ન થયો છે, પણ તે દેશજનને યોગ્ય સ્થાયી સદ્ગુણ દર્શાવી આપે છે

હિંદુસ્થાનના યુવકવર્ગમા આ સ્વદેશપ્રેમની લાગણી કેવી રીતે જાગૃત કરવી કે પ્રતિષ્ઠિત નગરવાસીને યોગ્ય જીવનમા તે લાગણીનુ ફળ દેખાઇ આવે ? જેવી રીતે અંગ્રેજ છોકરાઓને ગ્રેટબ્રીટનનો ઇતિહાસ શિખવવામા આવે છે તેવી રીતે હિંદુસ્થાનના ભુતકાળનો ઇતિહાસ હિંદના પુત્રોને શિખવવો જોઇએ છે જ્યારે તેઓ બરાબર ઇતિહાસ શિખશે, ત્યારે તેમનામા પોતાના દેશપ્રત્યેનુ સ્વાભાવિક અભિમાન જાગ્રત થશે, અને તે સાથે પોતાના પૂર્વજોના પરાક્રમી કાર્યોનુ અનુકરણ કરવા તેઓમા સ્વાભાવિક ઇચ્છા થશે. હાલ તેઓ હિંદ કરતા ઇંગ્લાંડ વિષે, અને રજપુતાના કરતા રોમ વિષે વધારે શિખે છે જો હુ કોઇ છોકરાને સીઝર વિષે પુછુ છુ તો મને તે તરત જવાબ આપી શકે છે, પણ જ્યારે પૃથ્વીરાજ વિષે સવાલ કરૂ છુ ત્યારે તે આંખો ફાડી ઉભા રહે છે આમ થવુ જોઇતુ નથી. જેવી રીતે અંગ્રેજબાલકોને નાનપણથી મહાન આલફ્રેડ અને બ્લાક પ્રીન્સની વાર્તાઓ કહેવામાં આવે છે, તેમ હિંદના પુત્રોને તેમની બાલ્યાવસ્થામાથી પ્રાચીન સમયના હિંદના વીર પુત્રોની વાર્તાઓ કહેવી જોઇએ ..."

આવી આવી વાતાઓના વાતાવરણમા તેમને ઉછેરવા જોઇએ અને બાલ્યાવસ્થામાં ઘરમા મળેલુ શિક્ષણ નિશાળોએ આગળ ચાલવવુ જોઇએ આ પ્રમાણે સ્વદેશપ્રેમનુ બીજ પૂર્વકાળના શૂરવીરોના પરાક્રમી જીવનચરિત્રોરૂપી મેઘના વરસાદથી ભિંજાય છે, અને સ્વદેશપ્રેમ અને સ્વદેશાભિમાનરૂપે વૃદ્ધિ પામે છે, અને આવી મહાન્ પુરૂષોની ભૂમિને પોતે પાત્ર થાય, એવી જીગરની લાગણી તેનામા જાગૃત થાય છે

હિંદની શાળાઓમાં હિંદના ઇતિહાસને પ્રથમ સ્થાન મળવુ જોઇએ. અને રાજ્યની સાર્વ-

આમસત્તા તરીકે ગ્રેટબ્રીટનના ઇતિહાસને પહેલા શિખવો જોઇએ, અને તે પછી દેશના ઇતિહાસો શિખવવા જોઇએ

હિંદના ઇતિહાસ સિવાયનો કોઈ પણ ઇતિહાસ શિખવો નહિ, એમ મારૂ કહેવું નથી, પણ જેવી રીતે ઇંગ્લાંડમાં પ્રથમ ઇંગ્લાંડનો ઇતિહાસ શિખવવામાં આવે છે, અને ફ્રાન્સમાં ફ્રાન્સનો ઇતિહાસ શિખવવામાં આવે છે તેમ અહીંયા હિંદુસ્થાનના ઇતિહાસને પ્રથમ સ્થાન મળવું જોઇએ. ખરેખર ઇંગ્લાંડનો ઇતિહાસ સ્વદેશપ્રેમની લાગણી ખીલવવામાં ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે. કારણકે પ્રજાએ ધીમેધીમે કેવી રીતે સ્વતંત્રતા પ્રાપ્ત કરી, અને તે પ્રજા એક મહાન સત્તારૂપે કેમ નીવડી તે તે ઇતિહાસ દર્શાવી આપે છે. ઉત્તર તરફ આવેલા એક નાના ટાપુમાં વસતી એક બલિષ્ટ પ્રજા, જે રાજ્યસત્તા આખી દુનિયામા વ્યાપી રહેલી છે, તે રાજ્યસત્તાને કેવી રીતે યોગ્ય થઈ, તે તે ઇતિહાસ આપણને જણાવે છે હિંદુસ્થાનમા હાલમાં ચાલતો સ્વદેશપ્રેમનો જુસ્સો અંગ્રેજોની નિયમસરની સ્વતંત્રતાની ઉચ્ચભાવનાને આભારી છે, અંગ્રેજોના સ્વતંત્રતાના વિચારોને લીધે જાગૃત થયો છે. હિંદવાસીઓ અંગ્રેજોનુ આ બાબતમા અનુકરણ કરે તો અંગ્રેજોએ માઠું લગાડવુ નહિ કારણ કે તે અંગ્રેજોને માન ભરેલુ છે. આ રીતે ઐતિહાસીક જ્ઞાનથી સ્વદેશ પ્રેમના જુસ્સાને બળ આપવુ જોઇએ પણ આ સંબંધમાં એક બાબત એવી છે કે જે કદાપિ ભુલવી જોઇતી નથી.

સ્વદેશાભિમાન તે પ્રેમની લાગણી છે સ્વદેશપ્રેમની લાગણી સાથે તમારે કદાપિ દ્વેષનુ ઝેર મેળવવુ જોઇએ નહિ, કારણ કે પ્રેમ એ સર્વે સદ્‌ગુણોનુ મૂળ છે, તેમ દ્વેષ એ સર્વ દુર્ગુણોનુ મૂળ છે જ્યારે સ્વદેશપ્રેમ બીજા દેશ તરફના દ્વેષથી ઝેરી બને છે, ત્યારે તે પ્રેમ રોગમય બને છે, તેનુ સત્વ ચાલ્યુ જાય છે, અને અંતે તેનુ જીવન પણ નાશ પામે છે સ્વદેશપ્રેમ ઉન્નતિક્રમના સ્વાભાવિક નિયમથી સર્વ દેશના પ્રેમરૂપે પરિણત થાય છે, અને એક પ્રજા પ્રત્યેનો પ્રેમ સર્વ પ્રજા પ્રત્યેના પ્રેમના રૂપમાં ફેલાઈ જાય છે ઉચ્ચ અને સર્વગત પ્રેમ જે મનુષ્ય જાતિ વાસ્તેનો પ્રેમ છે, અને જે ભવિષ્યમા આ દુનિયાના મુગટ સમાન ગણાશે, તે પ્રેમનુ પ્રથમ પગથીયુ સ્વદેશપ્રેમ છે પણ દ્વેષરૂપી ઝેરથી પોષાયેલ રોગમય સ્વદેશપ્રેમ બીજી પ્રજા તરફ ઉદ્ધતાઇ, જુલમ અને લાભ લેવાની વૃત્તિરૂપે પરિણમ છે. આથી હૃદય સંકુચિત થાય છે, અને બુદ્ધિ અંધ બની જાય છે

શું તમે તમારી માતૃભૂમિને ખરી રીતે ચહાઓ છો, અને તેની સેવા કરવા તૈયાર છો? અરે! તો તો બીજા દેશના લોકોને કદાપિ ધિક્કારતા નહિ. અથવા તેમના તરફ ક્રોધ કે દ્વેષના શબ્દો વાપરતા નહિ. મનુષ્યજાતિ વાસ્તેનો પ્રેમ તે સ્વદેશપ્રેમ કરતા પણ અધિક છે, અને જે સંકુચિત છે, તેને વિશાળ બનાવવાની જરૂર છે, એ તમારે યાદ રાખવુ જોઇએ. તેથી ઉલટુ જેઓ પોતાને જન્મ આપનાર માતૃભૂમિ તરફ પણ બેદરકાર છે, તેઓ શબ્દોમા કે ભાવના સિવાય કદાપિ મનુષ્યજાતિ તરફ પ્રેમ બતાવી શકશે નહિ પ્રેમની વૃત્તિ નિરંતર વૃદ્ધિ પામતી જાય છે, તેમજ મધ્યબિન્દુથી વધતી જાય છે

સ્ત્રીનો પુરૂષ પ્રત્યેનો પ્રેમ અથવા તો પુરૂષનો સ્ત્રી પ્રત્યેનો પ્રેમ કુટુંબ પ્રત્યેના પ્રેમરૂપે વૃદ્ધિ પામે છે કુટુંબનો પ્રેમ વૃદ્ધિ પામી કોમ પ્રત્યેના પ્રેમરૂપ બદલાય છે કોમ પ્રત્યેનો પ્રેમ અમુક ઇલાકાના લોકો તરફના પ્રેમરૂપે ફેરવાય છે વળી તે ઇલાકાનો પ્રેમ દેશ પ્રત્યેના પ્રેમ રૂપે વૃદ્ધિ પામે છે. અને સ્વદેશ પ્રેમ વધીને મનુષ્ય જાતિ વાસ્તેના પ્રેમનુ ઉચ્ચ સ્વરૂપધા-

ત્વ કરે છે. જો મનુષ્ય પોતાના [illegible] કુટુંબ તરફ પ્રેમ બતાવી શકતો નથી, તે મનુષ્ય જો આખી મનુષ્યજાતિને વાસ્તે પ્રેમ બતાવવાનુ કહે તો તે ઢોંગી છે, એમ માનજો. કારણ કે જે માણસ નજીકનાને નથી ચહાતો તે દૂરનાને ભાગ્યેજ ચાહી શકે. તેનો પ્રેમ શબ્દમાં રહેવા ભાવનારૂપ છે, પણ કાર્યરૂપે પરિણામ પામે તેવો હૃદયનો નથી.

સ્વદેશ પ્રેમ કાર્યરૂપે પ્રકટ થાય, ત્યારે જાહેર હિમ્મત કહેવામાં આવે છે. હવે આપણે તેની વ્યવહારિક બાજુ તપાસીશુ. સ્વદેશપ્રેમનુ પ્રથમ ફળ એ આવવુ જોઇએ કે હિંદના સાહિત્ય શોખીન વિદ્વાનોએ ઉપર જણાવેલા ઇતિહાસ તેમજ હિંદુસ્થાનને લગતી વાર્તાઓનો સંગ્રહ કરવો જોઇએ તે ઇતિહાસ અને વાર્તાઓ એવા પ્રકારનાં હોવાં જોઇએ કે જે જુવાન હાથમાં તે ભણવા સારૂ આપવામા આવે, તે જુવાનવર્ગમા સ્વદેશ પ્રીતિનો જુસ્સો ઉશ્કેરી શકે. ઉગતી પ્રજામા સ્વદેશ પ્રેમનો જુસ્સો પોષાય, તેવાં સાધનો પુરા પાડવાં કરતાં સારા લેખકને સારૂ જાહેર હિમ્મતનુ ઉમદા કામ બીજુ શુ હોઇ શકે ?

યથાર્થ કહેવામા આવ્યુ છે કે જેવી રીતે સામાન્ય મનુષ્ય પોતાના હિતને સારૂ દરકાર રાખે છે, તેવી રીતે જાહેર હિમ્મતવાળા પુરૂષ દેશના કલ્યાણની તેટલીજ દરકાર રાખે છે. જેથી સ્વદેશ ભૂમિને નુકશાન પહોચતુ હોય, તેવા કાર્ય તરફ જાહેર હિમ્મતવાળો પુરૂષ કદાપિ દુર્લક્ષ કરે નહિ કે પ્રજાના હિતમા પોતાનુ હિત સમાયેલુ છે, એમ સમજે છે, અને તેથી પોતાના કે દેશના હિત વચ્ચે ભેદ સમજતો નથી પણ આવાં કામ કરવાને તમે યોગ્ય થાઓ, તે સારૂ જાહેર હિમ્મતવાળા પુરૂષોના જીવન ચરિત્રો તમારે વાંચવા જોઇએ. અને સંકટ વખતે તેઓ કેવી રીતે વર્ત્યા હતા, તે તમારે જાણવુ જોઇએ, અને તેઓના અનુભવ અને તેઓની કાર્ય કરવાની પદ્ધતિ ઉપરથી સંકટ સમય તમારે કેવી ડહાપણ ભરેલી રીતે વર્તવુ એ તમારે શિખવુ જોઇએ

હાલમા નજદીકના ભવિષ્યમાં હિંદુસ્થાનમાં જાહેર હિમ્મતના સદ્દગુણો બતાવનારા બહાર પડે તેમ નથી, અને હાલમા જે નવો જુસ્સો ઉત્પન્ન થયો છે, તે જાહેર હિમ્મતનો જુસ્સો ઉદ્ધત અને મર્યાદા ભરેલા માર્ગ રૂપે પ્રકટ થાય, તો તે સ્વતંત્રતાની પ્રાપ્તિને તે મદદ કરવાને બદલે વિઘ્ન રૂપ થાય, એવો એક હિંદુસ્થાનને માટે ભય છે જે યુવક વર્ગ ઉત્સાહી અને આગ્રહી હોયછે, જેની લાગણીઓ ઝટ ઉસ્કેરાઇ જાય છે, જે એકદમ કાર્ય કરવાને દોરાય છે, તેવા યુવક વર્ગ તરફથી હિંદુસ્થાનને ભય છે. કારણકે પોતાનાં કામોનુ શું પરિણામ આવશે તેનો વિચાર કર્યા સિવાય તેઓ એકદમ આગળ ડુકો મારવા તત્પર થાય તેવા છે તેટલા માટે જે દેશમા જાહેર હિમ્મતનો સદ્દગુણ ઘણા જમાનાથી વૃદ્ધિ પામતો આવ્યો છે, અને બીજા દેશોમા લોહી વહેવડાવનારા જે બળવાઓ થતા, તે બળવાઓ સિવાય જે દેશે સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે, તે દેશમાં જાહેર હિમ્મતવાળા પુરૂષો કેવા નિયમથી પોતાનુ જાહેર જીવન ચલાવે છે, તે સમજવુ તે હાલના સંજોગોમા બહુજ અગત્યનુ છે. કારણકે ઈંગ્લાંડમાં લોકોનો સામાન્ય પ્રજામત એટલો બધો કેળવાયેલો છે, કે તેઓએ હમેશા બળવા રીતુરની સામે પોતાની લાગણી દર્શાવી છે અને રાજા પ્રજા વચ્ચેના જે યુદ્ધમાં પ્રથમ ચાર્લ્સ રાજાને ફાંસીએ લટકાવવામા આવ્યો, તે યુદ્ધ પણ ગંભીર અને કાયદાને માન આપનારૂં હતુ, પણ એકાએક વિકાળ રાજ્યક્રાન્તિ કરનાર બળવા જેવુ ન હતુ. જાહેર હિમ્મતના સદ્દગુણવાળો પુરૂષ આવી રીતે સમજે છે કે નિયમિત વ્યવસ્થાને માન આપવાથી, દેશના કાયદા અનુસાર

ચાલવાથી, અને જે સાધ્ય બિન્દુ ઇષ્ટ લાગતુ હોય, તેને સારૂ ધૈર્યથી કામ, કરવાથી, જન સમાજ કલ્યાણકારી માર્ગ ભણી સહી સલામત રીતે જઈ શકે

ઇંગ્લાંડમાં જે સ્વદેશાભિમાની નરો પૂજ્ય ગણાય છે, તેઓએ કાયદાથી, અને કાયદા પ્રમાણે ફેરફાર કરાવીને સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે અને જો કદાચ તેમણે શસ્ત્ર હાથમાં ગ્રહણ કર્યા હોય તો જ્યારે બધા ઇલાજો નિષ્ફળ ગયા હોય ત્યારે નાઇલાજે તે ગ્રહણ કરેલા છે. અને તે શસ્ત્ર નવી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા કદાપિ વાપરવામા આવ્યુ નથી, પણ જે સ્વતંત્રતા તેઓ ભોગવતા હોય, તે સ્વતંત્રતા ઉપર ભારે તરાપ આવે, ત્યારે જ તે વાપરવામાં આવ્યાં હતાં. ચાર્લ્સ બ્રાડલા એ એક વખત જણાવ્યુ હતુ કે Force should never be used by a true lover of his country to win liberty, it may only rightly be used to repeal a forcible attempt to wrench away a liberty already possessed ખરા સ્વદેશ હિતચિંતકે નવી સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં કદાપિ બળ વાપરવુ નહિ પણ મેળવેલી સ્વતંત્રતા ઉપભોગમા ભારે અડચણ નાખવાને કરવામા આવતા પ્રયત્નની સામજ તે બળ વાપરી શકાય

સ્વતંત્રતાને સારૂ કરવામા આવેલા ઇંગ્લાંડના આ કાયદેસર પ્રયત્નોના પરિણામની સાથે ૧૭૮૯ ના અરસામા ફ્રાન્સ દેશમા થયેલા રાજ્યક્રાન્તિ સૂચક બળવાના પરિણામ સરખાવી જુઓ ફ્રાન્સના લોકોની ગરીબાઇ અને દુખ એટલા બધા સખત અને અસહ્ય હતા કે ભુખથી ચપાઇ જતા લોકો ગાંડા માણસની માફક ઝનુનમા આવ્યા, અને જે માણસોએ તેમનાપર ત્રાસ ગુજાર્યો હતો, તેમના ખુનથી લોહીનો પ્રવાહ વહેવરાવ્યા, અને તે સાથે જે દુખથી તેઓ નિરાશ થઇ ગયા હતા, તે દુખને દૂર કરવાને પ્રયત્ન કરતા સ્વદેશપ્રેમી નરોનો પણ તેઓએ કચ્ચરઘાણ કાઢયા. પાશ્ચાત્ય દેશોમા દરેક જનસમાજમા કેટલાક અજ્ઞાન સ્ત્રી પુરૂષોના ટોળા હોય છે. અને તેઓની સ્થિતિ આ દેશના તેવા વર્ગના મનુષ્યો કરતા વધારે અધમ હોય છે આ તેમની **અધમ અવસ્થા આવવાનું મુખ્ય કારણ તેમની હદ બ્હાર દારૂ પીવાની ટેવ છે.** અહીયાનો ગરીબવર્ગ મુકાબલે તે દારૂપીવાની ટેવના પાશમા ઓછો સપડાયેલો છે ત્યાની જનસમાજની છેક હલકી સ્થિતિના આ મનુષ્યો હમેશા દુખ ભોગવ્યાજ કરે છે તેઓને ભુખ વેઠવી પડે છે, તેઓને પુરતા વસ્ત્ર હોતા નથી રહેવાના ઘર પણ મલીન હોય છે અને પોતાના છોકરા ભુખે મરતા જુએ તે છતા તેઓ પોતાના પૈસા હલકા પ્રકારના વિષયસુખમા ગુમાવી દે છે અસહ્ય દુખના ભારથી ઉન્મત્ત બનેલા આવા ગરીબ અને હલકી સ્થિતિના માણસો એકદમ બ્હાર નીકળી આવ્યા તે સમયના સર્વ સારા માણસો—જનવારાને વાસ્તે કામ કરનારા, લખકો, શિક્ષકો—વગેરે—આ સામાન્ય વર્ગના જુસ્સાના ભોગ થઇ પડયા આવા સારા માણસોમાથી સેંકડો—હજારો માણસોને ગરદન મારવામા આવ્યા કારણ કે તે વખતના રાજ્ય સત્તાધારીઓ નિર્બળ હોવાથી, તે સત્તાની દોરી તે ટોળાઓના ઉપરીઓના હાથમા આવી. અને આ ઉપરીઓ એક બીજા કરતા સખ્તાઇમા ચઢે તેવા હતા તે ધમાલ અને ગોટાળામાથી કુલ અખ્તયારવાળા પુરૂષોની સત્તાની સ્થાપના થઇ. લોકોને સ્વતંત્રતા સારૂ કાંઇક આત્મભોગ આપવો પડે, તોપણ મનુષ્યજાતિનો મોટો ભાગ નિયમ અને વ્યવસ્થાને ચ્હાય છે. અને તે કડવા અનુભવથી જાહેર હિમ્મતવાળા પુરૂષો એક અમૂલ્ય પાઠ શિખ્યા છે કે **કેળવાયેલા વર્ગની પછવાડે સામાન્ય અજ્ઞાન વર્ગનાં ટોળાં વસે છે; તેઓનો જુસ્સો**

એકદમ ઉશ્કેરાય છે, પણ એકવાર ગુસ્સે ઉશ્કેરાયા પછી કાબુમાં રહી શકતા નથી.

આ સિદ્ધાંતની સત્યતા પુરવાર કરવાને જે ચાર્લ્સ બ્રાડલોના શબ્દો મેં ઉપર ટાંકી બતાવ્યા, તેના જીવનમાંથી કેટલાક દાખલા હુ રજુ કરીશ હુ ચાર્લ્સ બ્રાડલોને પસંદ કરું છું તેનુ એક કારણ એ છે કે તે મહાન્ પુરૂષને વાસ્તે મારા દિલમાં પ્રેમ અને માનની લાગણી છે પણ તેનું બીજુ કારણ એ છે કે તેને વારવાર રાજ્યદ્વારી હિલચાલોમાં, જુલમના સામા થવાના પ્રયત્નમાં, અને સ્વતંત્રતાની હદ વિશાળ બનાવવામા, ભાગ લેવો પડયો હતો. જ્યારે જ્યારે તે ખરાબ કાયદાઓની સ્હામે લડયો છે, ત્યારે તેણે બળનો આધાર નહિ પણ કાયદાનો આધાર લીધો છે. તેણે જુલમથી નહિ પણ નિયમથી કાર્ય કર્યુ છે અને તેથી કરીને હે મારા યુવક શ્રોતા વર્ગ ! તમારામાના સૌથી ગરમ સ્વભાવનાને પણ તેનો દાખલો અનુકરણીય થઇ પડશે, કારણ કે તે નિર્બળ કે ઢીચકારો, કે પ્રસંગ પ્રસંગે પોતાની નીતિ બદલનાર ન હતો, પણ તેના આખા યુદ્ધમય જીવનમાં તે એક મજબૂત, શુરવીર અને સ્વાભિમાની સત્વ વાળો હતો

ચાર્લ્સ બ્રાડલો એ એક ગરીબ કલાર્કનો છોકરો હતો, અને અગીઆર વર્ષની ઉમ્મર સુધી તેણે કોઇ પ્રજાકીય સ્કુલમા શિક્ષણ લીધુ હતુ ત્યારથી તે મરણ પર્યન્ત પોતાના ગુજરાનનાં સાધનો તેણે જાતેજ પેદા કર્યાં હતાં તેણે જાતેજ અભ્યાસ કર્યો થોડા થોડા પૈસા બચાવીને વ્યાકરણને શબ્દાર્થ કોષ તે ખરીદતો હતો રાત્રે અભ્યાસ કરતો હતો, પ્રાતઃકાળમાં શિયાળાની ઠંડી રાત્રીમાં ઉઠીને તે વાંચતો હતો, આ રીતે જાતે તે લેટીન ગ્રીક અને હીબ્રુ ભાષા શીખ્યો. તે પછી કોઇ વકીલને ત્યાં સદેશા લેઇ જનાર અને લાવનાર એક છોકરા તરીકે તે રહ્યો અને વખત મળ્યે તેણે કાયદાનો અભ્યાસ કર્યો આ પ્રમાણે ખતથી જાહેર જીદગીને વાસ્તે તે જાતે તૈયાર બનતો ગયો હાલ તમે સ્કુલ કે કોલેજમાં વિદ્યાર્થીઓ છો આ ચાર્લ્સ બ્રાડલોની છોકરા તરીકેની મહેનત અને સખ્ત જીદગી તરફ પળવાર દૃષ્ટિ કરશો તો તમને જણાશે કે કાર્ય કરતા પહેલાં તેણે તે બાબતનો અભ્યાસ કર્યો હતો, અને જે જીદગી ગાળવાની તેનામાં અભિલાષા હતી, તે જીદગીને વાસ્તે યોગ્ય બનવાને તેણે બનતો પ્રયત્ન કર્યો હતો. અને તેનુ પરિણામ એ આવ્યુ કે પોતાના છેવટના સ્વતંત્રને સારૂ કરેલા યુદ્ધમા થયેલી ઇજાના પરિણામથી જ્યારે તે મરણ પથારીએ પડયો તે વખતે તે કહી શકયો કે “Never one man went to prison because of me, never one woman wept for a husband taken away for his family, because he followed me” “મારે ખાતર કોઇને પણ કેદમાં જવુ પડયુ નથી, તેમજ મારા અનુયાયીની સ્ત્રીને તેના પતિ સારૂ કોઈ દિવસ રડવુ પડયુ નથી”

આટલાં બધાં યુદ્ધો લડવા છતા, અને આટલા બધા વિજયો પ્રાપ્ત કરવા છતાં તે તોફાનભરી જીદગીમા તેણે કેવી રીતે યોજનાઓ ઘડી કે કોઈ પણ પ્રકારના બળનો આશ્રય તેને લેવો પડયો નહિ, તેમજ તેના અનુયાયીઓના મનમાં કાયદા અને વ્યવસ્થાનેસારૂ રહેલું માન ઘટી શક્યું નહિ? તેનુ કારણ તેનો અભ્યાસ અને જ્ઞાન હતાં. તેણે કાયદાનો અભ્યાસ કર્યો,

અને જે કાયદાઓ તેને જુલમ ભરેલા લાગતા હતા, તે કાયદાઓને બદલાવવામાં પોતાના અભ્યાસનો તેણે ઉપયોગ કર્યો. પણ જનસમાજની શાંતિને જોખમ લાગે તેવાં કાર્ય તો કદાપિ કરતો નહિ. તેમજ સામાજીક બંધારણને તે એકદમ હચમચાવતો નહિ. કારણ કે લોકોનું કલ્યાણ, સહી સલામતી અને સુખ તેના હૃદયમાં વસેલાં હતાં, અને તેથી તે એકાએક ઉથલ પાથલ કરતો નહતો

તેણે એક ખરાબ કાયદો બદલાવવાને કેવી રીતે કાયદાનો ઉપયોગ કર્યો તેનો હું તમને એક દાખલો આપીશ. જ્યારે ઇંગ્લાંડમાં પ્રથમ તેણે એક સામાહિક કાઢવાનો નિશ્ચય કર્યો, ત્યારે ઇંગ્લાંડના તે વખતના કાયદા પ્રમાણે તેને રાજ્યદ્રોહ અને ધર્મદ્રોહના સામા સહીસલામતી માટે ૫૦૦ પાઉંડની જામીનગીરી આપવાની હતી જ્યારે તે ૭૫૦૦ રૂપીઆ માગવામાં આવ્યા ત્યારે તેણે સભ્યતાથી જવાબ આપ્યો—કારણકે તે હમેશા સભ્ય હતો—કે હું ગરીબ માણસછું અને તેટલા માટે મારા સામાહિક કાઢવા માટે ૭૫૦૦ રૂપીઆ જેવી રકમ હું આપીશકું તેવી સ્થિતિમા નથી ફોજદારી ગુનાનો તેને ભય બતાવવામા આવ્યો તેણે લખી જણાવ્યુ કે હુ પોતેજ છાપનાર, પ્રકટ કરનાર અને અધિપતિછુ, કોઇ બીજો તેને વાસ્તે જોખમદાર નથી, અને જો વખત મુકરર કરવામા આવશે તો તે વખતે પોલીસને તે છાપુ વેચવાને હુ હાજર રહીશ કાયદા પ્રમાણે કામ ચલાવવા માટે જોઇતા પુરાવા અને સાધનો આવા ભાગ્યેજ બીજા કેસમાં મળી શકે છે સઘળો પુરાવો તૈયાર હતો પહેલી કોર્ટમાં મી બ્રાડલોને તપાસ કરતા જણાયુ કે પેપરનો જે અંક તેણે વેચ્યો હતો, તેના કરતા કાંઇક ભુલથી બીજા અંક સારૂ તેના ઉપર કેસ ચલાવવામા આવ્યો હતો તે કાઇ પણ બોલ્યો નહિ. તેનાથી બની શક્યુ તેવી રીતે દરેક મુદ્દાને સારુ તેણે તકરાર ચલાવી સરકારી કામ ચલાવનાર જ્યાં નરમ થાકી જાય અને ગુંચવાઇ જાય, ત્યા સુધી કાયદાની બારીકાઇઓનો તેણે ઉપયોગ કર્યો પણ આ સર્વ તે ખુશ મિજાજ રાખીને અને સભ્યતાપૂર્વક કરતો હતો. જ્યા વિનતી કરવાની હોય ત્યા તે વિનતી કરતો જ્યા ટાલનો સમય હતો ત્યા વિલંબ કરતો. આથી સરકાર ગભરાઇ ગઇ, અને એક અપ્રસિદ્ધ શત્રુ સામે આ પ્રમાણે ચલાવેલી મોટી લડાઇમા પોતે હાસ્યપાત્ર થશે એમ સરકારને ભય લાગ્યો તેની બુદ્ધિ છેવટે થાકી ગઇ, અને છેલ્લી અપીલ તેના વિરૂદ્ધ ચુકવવામા આવી પણ હજુ એક છુપી રાખેલી ગોળીનો ભડાકો કરવાનો રહ્યો હતો જે પેપરને વાસ્તે તેના સામે કેસ ચલાવવામા આવ્યો હતો તે તેણે વેચેલો અંક ન હતો જે અંકસારૂ મારા સામો કેસ ચાલે છે તેની સાથે મારે કાંઇ લેવા દેવા નથી, એવો મુદ્દો તેણે કોર્ટ સન્મુખ રજુ કર્યો આખી કોર્ટમા અચુજ કાંઇ વ્યાપી રહ્યો. જડજો પણ એકદમ બ્હેબાકળા થઇ ગયા અને બોલ્યા કે "પણ મી બ્રાડલો સઘળી જોખમદારી કબુલ કરનારો તમારો કાગળ આ રહ્યો" મી બ્રાડલોએ કહ્યુ 'સાહેબ તે અંક તો ૧૭ મી નો હતો અને આ તો ૨૪ મી નો અંક છે, પણ તારો ગુનો તો ચાલુ છે' એમ ન્યાયાધીશે કહ્યુ મી બ્રાડલોએ નમ્રતાથી પણ જરા કરડાઇમા જવાબ આપ્યો કે "સાહેબ! ધારો કે કોઇ માણસે ૧૭ મા નંબરના ઘરમા ચોરી કરી, તે ઉપરથી ૨૪ મા નંબરના ઘરમાં થયેલી ચોરીને માટે તેનો ગુનો ચાલુ છે એવું મે કદાપિ સાંભળ્યુ નથી.' નિરાશાથી ન્યાયાધીશે કહ્યુ "પણ મી બ્રાડલો આ મુદ્દા ઉપર તમે પ્રથમ અમારૂ ધ્યાન કેમ ન ખેંચ્યું!

પાડલોએ કહ્યું "સાહેબ, મારી સામે કેસ ચલાવનારની ખોટી દલીલ સુધારવી કે નહિ એ હું જાણતો નથી."

આખર ખરચ કરી સરકારે માંડેલો કેસ નિષ્ફળ ગયો, અને ફરીથી શરૂઆતથી તે કેસ ચલાવવાનો હતો. સરકારે આ કેસમાં રજુ થયેલા સર્વ મુદ્દાઓ તપાસ્યા, અને વર્તમાનપત્રને વાસ્તે લેવાતી જોખમદારીની રકમ નહિ લેવાનું બીલ પાર્લામેન્ટમાં લાવવામાં આવ્યું. તે બીલ પસાર થયું અને પછી તે કાયદો થયો. અને અંગ્રેજી વર્તમાન પત્રોના છેલ્લા બંધનો આ રીતે દૂર કરાવવાને માટે જોહોનસ્ટુઅર્ટ મીલે મી. બ્રાડલોને મુબારકબાદીનો એક પત્ર લખ્યો હતો.

ખરાબ કાયદાની સામે કાયદેસર સામા થવાથી કેટલું બધું કામ કરી શકાયું હતું, તે હવે તમે જોઈ શકયા હશો. કોઇ પણ પ્રકારની ઉશ્કેરણી ન હતી. કોઇ પણ પ્રકારના બળનો ઉપયોગ ન હતો. નિર્દોષ માણસોને દુઃખ સહન કરવું પડ્યું ન હતું. પોતે કરેલા અપરાધ માટે જોખમદારી વગરના નોકરોને કેદમાં મોકલવામાં આવ્યા ન હતા. પણ તે એકલો પોતાની બુદ્ધિથી સરકારની સામે બાથ બીડતો હતો. અને પોતાની યુક્તિઓ રચવાની ચતુરાઇથી તે જીત મેળવતો હતો. જ્યારે પોતાના બચાવમાં તેને લડવું પડતું, ત્યારે પણ તે કાયદેસર લડતો હતો અને આ રીતે જુલમ ભરેલા કાયદાઓને હાસ્યપાત્ર બનાવતો હતો અને તેને વાસ્તે ખંતથી લડત ચલાવી સામાન્ય પ્રજાનો અભિપ્રાય તે એવી રીતે તે કાયદાની વિરૂદ્ધ કેળવતો કે આખરે તે કાયદો નાબુદ કરવાની જરૂર પડતી.

બહુજ ઉશ્કેરાય તેવા સંજોગોમાં પણ ચાર્લ્સ બ્રાડલો કદાપિ સિપાઇની સાથે કજીઓ કરતો ન હતો કારણ કે તે હમેશાં એમ કહેતો હતો કે પોલીસના સિપાઇઓ રાજ્યમાં શાંતિ રાખવાને માટે છે અને ગુનેગારોથી ગરીબ અને નિર્દોષને બચાવવાનું તેમનું કામ છે અને કદાચ સીપાઇઓ ઉદ્ધત અને મૂર્ખ જણાય છતાં તેમના સામું બળ વાપરવું જોઇતું નથી.

જાહેર હિમ્મતવાળો પુરૂષ ક્ષણવાર પોતાને થતા નુકશાન તરફ દૃષ્ટિ નહિ રાખતાં, ભવિષ્યનો વિચાર કરે છે, અને જાહેર શાંતિ અને સહીસલામતીને વાસ્તે શું જરૂરનું છે, તે તે સમજે છે. લોકોમાં સુલેહ સંપ જાળવી રાખનાર સીપાઇઓને દરેક સારા દેશજને ટેકો આપવો જોઇએ. જાહેર સભાઓ મેળવવાના હક્કનો તે નિરંતર બચાવ કરતો, છતાં લોકો અગવડ ભરેલી સ્થિતિમાં ન મુકાય, તેની તે તપાસ રાખતો, અને તેટલા માટે પોતે કરવા ધારેલી યોજનાઓની પોલીસને આગળથી તે ખબર આપતો કે જેથી કરીને તે પોલીસ યોગ્ય પગલાં ભરી શકે અને પોતાના 'ખાસ કોન્સ્ટેબલો' તરીકે તેણે શાંત સ્વભાવના, યુક્તિ સમજનારા અને શરીરબળવાળા માણસો પસંદ કર્યાં હતા અને તેથી તે માણસો બંદોબસ્ત બહુ ઉત્તમ પ્રકારનો રાખતા હતા, અને તેણે ભરેલી ગંજાવર મીટીંગો કદાપિ કોઇને ચિંતા કરનારી થઇ પડી ન હતી

હાઉસ ઓફ કોમન્સની સાથેના તેના છેલ્લા યુદ્ધમાં તે જ પ્રકારની ઉમદા જાહેર હિમ્મતનો સદ્‌ગુણ તેણે બતાવ્યો હતો પોતાને થયેલા અન્યાયની દાદ મેળવવા તેણે બનતા કાયદેસરના ઉપાયો અજમાવ્યા અને તે એક કોર્ટથી બીજી કોર્ટમાં પોતાની ફરીયાદ લઈ ગયો. હાઉસ ઓફ લોર્ડ્ઝે તેને હેરાન કરનારા વિરૂદ્ધ તેની તરફેણમાં ન્યાય આપ્યો. તે ચુંટાયેલા સભાસદ તરીકે રહ્યા, પણ ગેરકાયદેસર તેને બ્હાર રાખવામાં આવ્યો હતો.

ફરી ફરીને તેને ચુંટવામાં આવ્યો, અને ફરી ફરીને તેને નાપસંદ કરવામાં આવ્યો. તે પાર્લામેન્ટની સામે કાયદો ચાલી શકે તેમ નહતું. આખરે સોગન લેવાને હાજર થવાનો તેણે નિશ્ચય કર્યો. જો પોલીસ મારા ખભાને અડકે, અને આ પ્રમાણે મારાપર હુમલો કરે, તો મારે કાયદાનો આશ્રય લેવો એવો તેણે વિચાર કર્યો હતો. ઇંગ્લાંડના સઘળા ભાગોમાંથી તે

ને નિર્મિત માણસોના ટોળેટોળા ઉભરાયાં હતાં. નોર્થમ્બરલાંડ અને ડરહામના ખાણો માં કામ કરનારા, લેન્કેશાયરના વણકરો, સઘળા પ્રકારના હુન્નર ઉદ્યોગવાળા હજારો માગ ચાર્લ્સ ને વાસ્તે ન્યાયમાગવા ઉભરાયા હતા. તે સર્વને સલાહ શાંતિ જાળવવા માં કાર્ય અને પાર્લામેન્ટના ચોગાનની બહાર ઉભા રહેવાને તેણે જણાવ્યું, અને યાદ દેવરાવ્યું કે કાયદો જ આપણો આધાર છે. તેને હાઉસ ઓફ કોમન્સમા દાખલ કરાવવાની અરજી કરનારાઓ બન્ને માણસો વેસ્ટમીન્સ્ટર હોલમાં ગયા આ બન્ને માણસોને તેણે મારા સ્વાધીન મુકયા હતા અને તેમની અને પોલીસની વચ્ચે ઝગડા ન થાય, તેવી સંભાળ રાખવાને મને કહ્યું હતું. કારણ કે બહાર દશ હજાર માણસો ઉભેલા હતા, અને એક ચીણગારી મળતા તેઓ સઘળો સળગી ઉઠે તેવા હતા પોતે એકલોજ હાઉસમાં ગયો તરતજ એક કડાકો સંભળાયો. ગ્લાસ ભાગવા જેવો અથવા સ્થંભ હલાવવા જેવો અવાજ સંભળાયો "તેઓ તેનાપર હુમલો કરે છે અને તે એકલો છે" આવી બુમ પડી, અને તે અરજ કરનારાઓ એકદમ ઉશ્કેરાઇ જઇ, તે હાઉસમાં જવાના દરવાજા આગળ ઉભેલા સીપાઇઓને ધકેલી અંદર જવાને ધસવા લાગ્યા મેં તે ટોળાની અને સીપાઇઓની વચ્ચે આવી તેમને કહ્યું "પાછા હઠો, કારણ કે તેણે આપણને શાંતિ જાળવવાનું કહ્યું હતું" તે અણીનો સમય હતો, તેઓ પાછા હઠયા, અને હું તેમને પેલેસયાર્ડ તરફ લેઇ ગયો. જ્યારે અમે તે યાર્ડ આગળ જઇ પહોંચ્યા, ત્યારે તે બારણા બહાર ત્યાં ઉભો હતો તેની આસપાસ સિપાઇનું ટોળું વિંટળાઇ વળેલું હતું ગ્રેનાઇટ પથ્થરના પુતળા જેવો તે શાંત હતો તે ફીકકો દેખાતો હતો અને ચુપ બેઠો હતો તેનો કોટ ફાટેલો હતો. અને તેનો એક હાથ લુલો દેખાતો હતો અમે ત્યાં તેની રાહ જોતા ઉભા રહ્યા તે ફરીને ધીમે ધીમે અમારી પાસે આવ્યો અને ફક્ત 'આવો" એટલાજ શબ્દો તે બોલ્યો પછી વળી તેણે કહ્યું કે ' "નગરજનો મારા સઘળા મિત્રોને ઘેર જવાનું કહેજો" કોઇ પણ પ્રકારની ગરબડ કરશો નહિ, અમારાથી બનતુ અમે કર્યુ છે તે મજબુત અને જાહેર માણસોના મોટાં ટોળા વચ્ચે થઇને તે, તેની પુત્રી, અને હું ગાડીમા બેસી ચાલ્યા ગયા "ચાર્લ્સ તારે વાસ્તે અંદર પેસવાનો માર્ગ કરી આપીએ" એવી બુમ પડી પણ તેમને તેણે શાંતિથી પાછા વાળ્યા. તમે ગભરાટના અને અણીના પ્રસંગે આમ એકાએક શાંત અને ચુપ કેમ ઉભા રહ્યા હતા, એવો મેં પાછળથી તેને પ્રશ્ન પુછ્યો હતો તેણે તેના જવાબમા કહ્યું કે "હું આત્મ સંયમ કરતો હતો, અને મારો હાથ ઉંચો કરી, લોકોને મારી મદદે બોલવવાની તીવ્ર ઇચ્છાને દબાવતો, કારણકે કેટલીક સ્ત્રીઓને આ કામથી વિધવા અને નિરાધાર બનવાનો પ્રસંગ આવત, અને તે વિચારથી જ મેં આત્મસંયમ આદર્યો હતો" તે હાઉસ ઓફ કોમન્સના મકાનમા એક ડઝન પોલીસ તેને વળગી પડયા હતા, તેના સ્નાયુઓને ઘાતકી રીતે મરડવામા આવ્યા હતા આથી થયેલી ઇજાથી તે મરણ સુધી મુક્ત થઇ શકયો નહોતો પણ તેણે સામો એક પણ ફટકો માર્યો નહોતો જો કે તેની માન પ્રતિષ્ટાનો સર્વ રીતે ભંગ કરવામા આવ્યો હતો, કાયદાને કચરી નાખવામા આવ્યો હતો, અને કાયદાના ઉત્પત્તિ સ્થાનમા જ હલકા પ્રકારની ક્રુરતા વાપરવામા આવી હતી હજારો માણસો તેને સારૂ લડવાને, અને તેને બચાવ કરવાને તૈયાર હતા છતાં પણ પોતાના દુશ્મનોબળથી પોતાના ઉપર ગુજરતો જુલમ તેણે સહનકર્યો, કારણ કે દરેક વખતે લોકોની સલાહશાંતિ અને લોકોની સહીસલામતી તેના મનમાથી ખસતી ન હતી. જો કે તે પરાભવ પામ્યો હતો તોપણ તે પળે તે દેખાતો હતો તેવો ઉમદા અને મહાન કદાપી તે જોવામા આવ્યો નથી. અને જ્યારે મરણ પથારીએ પડ્યો, તેવખતે આ લાંબાચાલેલા યુદ્ધમાં તેને પાર્લામેન્ટમા નહિ બેસવા દેવાનો જેઠરાવ

કરવામાં આવ્યો, અને આપ્રમાણે હાઉસ ઓફ કોમન્સે તેના કામની કદર બુજી, માન આપ્યું હતું. સ્વતંત્ર ઈગ્લાંડમાં જાહેર હિમ્મતનો શો અર્થ થાય છે, તે આ ઉપરથી ... ઈ શકયાહશો. કાયદેસર તકરાર ચલાવવી, પોતાનું કર્તવ્ય વફાદારીથી બજાવવું, અને . ... થતા અગત ભારે નુકશાન છતા પણ મારામારી કરવાનો પ્રતિબંધ જાતે દુખ સહીને પણ બીજાને દુખમાંથી મુક્ત કરવા, આ સર્વનો જાહેર હિમ્મતમાં સમાવેશ થાય છે.

મે ઇગ્લાંડનો દાખલો આપ્યો છે, તેનું કારણ એ છે કે તોફાન અને ઉથળપાથળના તે સમયમા જાહેર હિમ્મતવાળા પુરૂષો કેવી રીતે વર્તે છે, અને કાયદાની સામે થવાને બદલે કાયદાને માન આપવાથી કેવી રીતે સ્વતંત્રતા વધે છે, તેનો તમને ખ્યાલ આવી શકે.

અંગ્રેજોની જાહેર જીદગીનો અભ્યાસ કરવાથી એક બીજો પણ ઉપયોગી બોધ આપણે મેળવી શકીએ અને તે એ છેકે જાહેર રાજ્યદ્વારી હિલચાલોના વિશાળ કાર્યને વાસ્તે માણસ યોગ્ય થાય, તે માટે, તે સ્થાનિક કે મ્યુન્સીપાલીટીના કામમાં પ્રથમ યોગ્ય થતો જાય છે. આ સિદ્ધાંતની સત્યતા વાસ્તે આપણે મી જોસેફ ચેમ્બરલેનનો દાખલો લેઇશુ. પ્રથમ તે બર્મીંગહામમા સ્ક્રુ બનાવવાના કામમા બહુ હુશીઆર હતો. અને તેજ ધંધાના બીજા માણસો કરતા તેના સ્ક્રુ બહુ સારા બનતા હતા. પછી તે મ્યુન્સીપાલીટીમાં કમીશનર થયો, અને શહેર સુધારવાના કામમા તેણે પોતાની શક્તિ વાપરી મ્યુનીસીપાલીટીની વ્યવસ્થા અને ઉત્સાહી કામ ને લીધે બર્મીંગહામ શહેર બીજાઓને અનુકરણ કરવા જેવું બન્યુ બર્મીંગહામ તરફથી તે પાર્લામેન્ટના સભાસદ તરીકે ચુટવામા આવ્યો. તે હમેશા પોતાના જ્ઞાનથી બોલતો હતો, અને તેથી લોકોનુ ધ્યાન પોતાના તરફ તે આકર્ષી શક્યો. અને છેવટે તે કેબીનેટનો મીનીસ્ટર (વડો પ્રધાન) થયો જુવાન રાજ્યદ્વારી હીલચાલ કરનારાઓએ આ દૃષ્ટાન્તથી ધડો લેવો જોઇએ; પ્રથમતો તેમણે પોતાના શહેરને સુધારવાના કામમાં ભાગ લેવો જોઇએ શહેરના રસ્તા, શહેરની ગટરો, શહેરના દીવા, શહેરની સામાન્ય સુખાકારી અને સ્વચ્છતા તરફ તેમણે લક્ષ આપવુ જોઇએ. નાના પાયાપર બીજા માણસો પર રાજ્ય કરતાં તેમણે શિખવુ જોઇએ. અને સ્થાનિક હીલચાલોમા અગ્રેસર થવાને વાસ્તે પ્રથમ યોગ્ય બનવુ જોઇએ. જ્યારે તેઓને બરાબર વ્યાપાર કરતા આવડે, અને મ્યુન્સીપાલીટીની વ્યવસ્થા સારી રીતે તેઓ રાખી શકે, ત્યારે તેઓએ પોતાની કેળવેલી શક્તિઓ માતૃભૂમિની સેવા વાસ્તે લાંબાપાયાપર વાપરવી જોઇએ. હુ કબુલ કરૂ છુ કે આવુ કામ બહુ કંટાળા ભરેલુ લાગે છે, અને તેમાં આનંદ પડતો નથી. તેમા કોઇ આભાર માનતુ નથી અને કામ સખ્ત હોય છે પણ તે કામ ઉપયોગી અને સંગીન છે તે માણસની શક્તિઓને કેળવે છે, અને તેમને સયમમાં લાવતાં શિખવે છે સ્થાનિક બાબતોમા તમારા હાથમાં ઘણી સત્તા રહેલી છે. તેનો સદુપયોગ કરો. કલેક્ટરના વિચારને હાજી હા કહેવી, અને પાછળથી બરબડવુ, તેના કરતા મ્યુન્સીપાલીટીના કમીશનર તરીકે તમારા લોકને ઉપયોગી થાય તેવા કાર્યો કરો. જમીનદારોના ઘણા છોકરા આપણી સ્કુલો અને કોલેજોમા અભ્યાસ કરે છે. ખેતની આવકમાંથી તે છોકરાઓની કોલેજની ફી આપવામાં આવે છે પણ આ છોકરાઓને ગામડાંમાં ખેડુતોની જીદગી તેમની અડચણો તેમની તગીઓ, અને તેમના અજ્ઞાન સબધી શું, જ્ઞાન હોય છે? જે જમીનદાર પોતાની જાગીરની વ્યવસ્થા કરી શકતો નથી, તે શુ પ્રજાની જાગીરની વ્યવસ્થાના કામમા એક સલાહકારનુ કામ કરી શકશે! ગામડીઆઓ, ખેડુતો, અને જમીનદારના યુવક વર્ગો સર્વે તમારાજ માણસો છે તમારે તેમને ભણાવવાને, કેળવવાને, અને મદદ કરવાને પ્રયત્ન કરવો જોઇએ, હિંદનો ખેડુત વર્ગ બહુજ નમ્ર અને શીખી શકે

તેવા લોકનો બનેલો છે વારવાર દુકાળ આપણા જોવામા આવેછે. પણ જો હિં
પોતાની ફરજ બજાવે, તો ઘણુજ થોડા દુકાળ સંભવી શકે

આ બધુ કામ તમે સરકારને સોંપી દીધું છે. અને જ્યારે દુકાળ પ[illegible] ર આ ખેડૂત વર્ગની જીદગી બચાવવાને મોટા પ્રયત્નો કરવા પડે છે. જમીનદારોએ ખેતીવાડી સુધારવી જોઇએ, અને નહેરોવતી પાણી આપવાનું કામ બહુજ પ્રમાણમાં વધારવું જોઇએ એટલુજ નહિ પણ ખેતીવાડી સિવાયના બીજા સ્વદેશી ઉદ્યોગોને પોષણ આપવુ જોઇએ.

ખેડૂત વર્ગને દુકાળના પંજામાંથી મુક્ત કરવા સારૂ સુધારા કરી શકે તેવા મગજવાળા અને આત્મભોગ આપી શકે તેવા હૃદયવાળા પુરૂષોની હિંદને હાલમા જરૂર છે આ બાબતમા સરકારની પરવાનગીની જરૂર નથી આ સારૂ કાયદાના કે રાજ્યના બંધારણમા ફેરફાર કરવાની આવશ્યકતા નથી રાજ્યદારી હિલચાલની કેળવણી લેવાને માટે આ એક ઉત્તમ શાળા છે અને આત્મભોગને વાસ્તે આ એક ઉત્તમ ક્ષેત્ર છે

હે મારા મિત્રો ! મારા બાંધવો ! જો રાજકિય સ્વતંત્રતા મેળવવા તમે ઇચ્છતા હો-અને તમને ઉચિત લાગે તો મહેરબાની કરી-તો જાહેર હિમ્મતના સદ્‌ગુણનો વિચાર નિરંતર તમારા મન સન્મુખ રાખો, અને તમારા શહેર અને જીલ્લાઓમા તે સદ્‌ગુણને વ્યવહારમા મુકો, અને આ રીતે તે મેળવવાને તમારી લાયકાત સિદ્ધ કરો જનસમાજના હિતને તમારા સાધ્ય બિન્દુરૂપ ગણો અને નિરંતર તે સારૂ પ્રયત્ન કરતા રહો જાહેર હિમ્મતવાળા, અને એકત્ર થયેલા માણસોની ઇચ્છા સામે કોઇ પણ પ્રકારની સત્તા ટકી શકે નહિ પણ યાદ રાખજો કે તમારી સ્વતંત્રતા તમારા પોતાના હાથમાજ રહેલી છે ગમે તેવી દિલસોજી વાળી રાજ્ય સત્તા હોય, પણ તે તમને મુક્ત કરી શકે નહિ, તેમજ ગમે તેવો છટાદાર વક્તા હોય તો પણ તે તમને છુટા કરી શકે નહિ પ્રજાની સ્વતંત્રતા અને પ્રજાનુ સુખ તેના પોતાના લોકના મગજ અને હૃદયથી જ ઉત્પન્ન થવા જોઇએ. કારણ કે જો તેમનુ મૂળ તે મગજ અને હૃદયમા ન હોય તો તે નિર્જીવ છે એમ ગણજો. મારી જીદગીનો મોટો ભાગ મે આ સવાલોના વિવેચનમા જ પસાર કર્યો છે પણ તમારા રાજ્યદ્વારી સવાલોમાં હુ હાલભાગ લઇ શકુ તેમ નથી પ્રથમ કારણ તો એ છે કે મારો જન્મ હિંદમા થયેલો નથી, અને આ કામ હિંદવાસીઓએ કરવુ જોઇએ છે બીજુ કારણ એ છે કે હુ વૃદ્ધ છુ, અને મારૂ કામ લગભગ પૂર્ણ થવા આવ્યુ છે પણ તમને જોખમ અને ખાડાઓ બતાવવાનુ કામ બીજાઓએ કેવી રીતે કામ કર્યુ છે, તે જણાવવાનુ કામ, અને તમારા હાલના સંકુચિત અનુભવમા, મારી લાંબી અને જુદા જુદા સંજોગોમા પસાર થયેલ જીદગીમા મેળવેલા વિશાળ અને વધારે પૂર્ણ જ્ઞાનથી વૃદ્ધિ કરવાનુ કામ કરવામાં હું તમને ઉપયોગી થઈ શકુ ભવિષ્યના રાજ્યદ્વારી પુરૂષો, ભવિષ્યના રાજકિય હીલચાલ કરનારા માણસો જેઓ વખત જતાં મહાન્ ભવ્ય અને સ્વતંત્ર હિંદના પ્રતિષ્ઠિત નગરવાસીઓ થશે તેઓને કેળવવામાં હુ મદદ કરી શકુ. પ્રજાકિય સવાલોનુ નિરાકરણ લાવવુ હિંદનું રાષ્ટ્ર બાંધવું, અને તેનુ ભવિષ્ય ઉન્નત બનાવવુ એ કામ તમારા હાથમાં [illegible] તમે અને તમારા જેવા બીજા હજારો યુવાનો પુખ્ત ઉમરના થઇને પ્રજાકિય જીવનને તમારી નસોમાં વહેતુ કરો, તમારા આગળ થઇ ગયેલા વૃદ્ધ પુરૂષોના અનુભવથી શિખો. બોલતાં પહેલાં વિચાર કરતાં શિખો, અને બુમો પાડો તે પહેલાં સમજતા શિખો. જે પ્રેમ પોતાનો આત્મભોગ આપે છે, પણ બીજાનો નાશ કરતો નથી, તેવો પ્રેમ લોકો તરફ રાખતા શિખો. કામ કરી શકે તેવી વ્યક્તિઓથી પ્રજા બંધાય છે તે ધ્યાનમા રાખો, અને પ્રજાના બાળકોના પ્રયત્ન શિવાય કોઈ પણ મહાન્ પ્રજા અસ્તિત્વમાં આવી શકે નહિ, એનો ખ્યાલ રાખો